# એકમ 5 વિવિધ નામો તથા સંદર્ભો વચ્ચે પસંદગી

**SELECTION BETWEEN DEFFERENT NAME AND REFERENCE**

**રૂપરેખા**


**5.0** ઉદ્દેશો

**5.1.** પ્રસ્તાવના

**5.2.** નામોમાં પરિવર્તન

**5.2.1** પ્રચલિત નામ

**5.2.2** નામમાં પરિવર્તન

**5.3** નામોમાં પરિવર્તનનાં ઉદાહરણો

**5.3.1** પરિણીત સ્ત્રીઓ

**5.3.2** માનવાચક અને કુલીનતા સૂચક ઉપાધિ

**5.4** ઉપનામધારી કર્તા

**5.5** ઉપનામધારી કર્તાઓનાં ઉદાહરણો

**5.6** સૂચિકરણમાં સંદર્ભો

**5.6.1** 'જુઓ' સંદર્ભો

**5.6.2** 'વળી જુઓ' સંદર્ભો

**5.7** સારાંશ

**5.8** 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

**5.9** ચાવીરૂપ શબ્દો

**5.10** સંદર્ભો અને વિશેષ વાંચન


## 5.0. ઉદ્દેશો (Objectives)

કેટલાક લેખકો પોતાના મૂળ નામ સિવાય વિવિધ નામ હેઠળ સર્જન કરતા હોય છે. આ પ્રકારના લેખકોની બધી જ કૃતિઓ સૂચિ દ્વારા એક જગ્યાએ દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ એકમમાં આ સંબંધી પ્રક્રિયા અને સમસ્યાઓનું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે.

આ એકમના અધ્યયન પછી નીચેની બાબતોથી સક્ષમ બનીશું

- વાસ્તવિક નામ અને પરિવર્તિત નામ વચ્ચેનું અંતર સ્પષ્ટ કરવું.

- કર્તાના ઉપનામ અને વાસ્તવિક નામને ઓળખવા; અને
- સંદર્ભ સંલેખો ક્યારે બનાવવા જોઈએ તેનો નિર્ણય કરવો.

## 5.1 પ્રસ્તાવના (Introduction)

આપણે અત્યાર સુધીમાં એક અથવા એકથી વધુ વ્યક્તિકર્તાઓના સંલેખોનો અભ્યાસ કર્યો છે. પરંતુ ઘણી વખત એવું બને છે કે ઘણા લેખકો પોતાના મૂળ નામથી કૃતિનું સર્જન કરવાને બદલે અન્ય નામ ધારણ કરીને તે નામે કૃતિનું સર્જન કરે છે. જેને આપણે ઉપનામધારી લેખકો (Pseudonymous Authors) કહીએ છીએ. તખલ્લુસ તરીકે પણ આપણે તેનો ઉલ્લેખ કરતા હોઈએ છીએ.

કેટલાક કિસ્સાઓમાં લેખકો પોતાના નામમાં પણ પરિવર્તન કરતા હોય છે અને પાછળથી તેમની કૃતિઓ આ નવા નામથી પ્રકાશિત કરતા હોય છે. લેખિકાઓમાં આ પ્રમાણ સવિશેષ જોવા મળે છે. અપરિણીત સ્ત્રીઓ લગ્ન બાદ પતિની અટક ધારણ કરે છે અને પછીથી પતિની અટક ધારણ કરી તે નવા સ્વરૂપે કૃતિ પ્રકાશિત કરે છે. આવા પરિવર્તનથી સૂચિકરણમાં સમસ્યાઓ પેદા થાય છે. એક જ લેખકની કૃતિઓ વેરવિખેર થઈ જાય છે. આપણે આ એકમમાં આ પ્રકારથી ઉત્પન્ન થતી સમસ્યાઓનું નિરાકરણ મેળવવા સંબંધી ચર્ચા કરીશું.

આ એકમમાં આપણે એક બીજી ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. તે 'સંદર્ભ' (Reference) વિશે છે. નિયમાનુસાર સંલેખોને કોઈ એક ખાસ મથાળા હેઠળ બનાવવામાં આવે છે પરંતુ આપણે બનાવેલા મથાળા હેઠળના સંલેખ મુજબ જ વાચકનો શોધનો અભિગમ રહેશે તે દરેક કિસ્સામાં શક્ય બનતું નથી. વાચક સૂચિને કેવળ પોતાના દૃષ્ટિકોણથી જુએ છે. વાચકના આ સંભવિત અભિગમને પૂર્ણ કરવા માટે 'જુઓ' (See) અને "વળી જુઓ" (See also) સંદર્ભો પૂરા પાડવામાં આવે છે.

## 5.2 નામોમાં પરિવર્તન (Change of Names)

કેટલાક લેખકો એકથી વધુ નામ ધરાવતા હોય છે અને તેઓ આ વિભિન્ન નામો હેઠળ કૃતિ પ્રકાશિત કરતા હોય છે. કેટલાક પૂર્વ નામ હેઠળ તો કેટલાક નવા ધારણ કરેલા નામ હેઠળ પ્રકાશિત કરતા હોય છે. ખાસ કરીને પરિણીત સ્ત્રીઓના કિસ્સામાં આમ થતું હોય છે. તેઓ અપરિણીત નામ હેઠળ પુસ્તકો લખી ચૂક્યા હોય છે, લગ્ન બાદ પોતાના નામમા પરિવર્તન કરે છે છતાંય પોતાના પૂર્વનામ હેઠળ લખતી હોય છે.

### 5.2.1 પ્રચલિત નામ (Predominant Name)

એક વ્યક્તિની બધી કૃતિઓ સૂચિમાં એક જ સ્થાને સૂચિકૃત થયેલી હોવી જોઈએ, અન્યથા તે વિભિન્ન સ્થાને વિખેરાઈ જશે. કર્તાના વિભિન્ન નામોને પરસ્પર

સાંકળવામાં આવે તો જ એક જ કર્તાની બધી જ કૃતિઓ એક સ્થાને ઉપલબ્ધ કરાવી શકાય.

આ માટે Aacr-**2**r માં નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવી છે. "જો કોઈ વ્યક્તિ એકથી વધુ નામોથી ઓળખાતી હોય તો, સંલેખ સૌથી વધુ ઓળખાતા નામ હેઠળ બનાવવો જોઈએ." **(**નિયમ **(22.2**A**)**

નિયમમાં વધુ સ્પષ્ટતા કરતા જણાવવામાં આવ્યું છે કે "જો આવાં નામો નિર્ધારિત ન થઈ શકે તો નીચે દર્શાવેલ અગ્રતાક્રમ અનુસાર નામ પસંદ કરવું.

**(i)** વ્યક્તિની કૃતિઓમાં સૌથી વધુ વપરાયેલ નામ

**(ii)** સંદર્ભ સ્રોતોમાં જે નામ સૌથી વધુ વપરાયેલ હોય.

**(iii)** અદ્યતન નામ

આ અભિગમ વ્યક્તિ/કર્તાનું પ્રચલિત નામ પ્રસ્થાપિત કરે છે. ઉપર નિર્દિષ્ટ ક્રમાંક બેમાં ઉલ્લેખાયેલ સંદર્ભ સ્રોતો એટલે વ્યક્તિ વિશે લખાયેલાં પુસ્તકો અને લેખો અભિપ્રેત છે.

### 5.2.2 નામમાં પરિવર્તન (Change of Name)

AACR=**2**R નિયમ **22.2**C માં નામમાં પરિવર્તન સંબંધી જણાવવામાં આવ્યું છે કે "જો કોઈ વ્યક્તિ નામ સિવાય ઉપનામ અથવા ઉપનામોને વાપરે છે અને તેણે / તેણીએ પોતાનું નામ બદલ્યું હોય ત્યારે અદ્યતન નામ અથવા નામનું સ્વરૂપ પસંદ કરો, સિવાય કે એ માનવાને કોઈ કારણ હોય કે વ્યક્તિ પૂર્વનામથી જ વધુ સારી રીતે ઓળખાશે."

ઘણાં બધાં કારણોથી નામો પરિવર્તિત થતાં હોય છે. નામ પરિવર્તનના કેટલાંક સામાન્ય કારણો નીચે મુજબ છે.

**(i)** પરિણીત સ્ત્રીઓ પોતાના અપરિણીત નામમાં પરિવર્તન કરે છે અને તેમના પતિની અટક ધારણ કરે છે.

**(ii)** ધર્મ નિરપેક્ષ નામો પરિવર્તિત થાય છે. જો કોઈ ધર્મ નિરપેક્ષ કર્તાઓ કોઈ ધર્મ અંગીકાર કરે અથવા જો કોઈ કર્તાઓ મૂળ ધર્મમાંથી પરિવર્તન કરી કોઈ અન્ય ધર્મ અપનાવે.

**(iii)** જે વ્યક્તિને કુલીનતાની ઉપાધિથી વિભૂષિત કરવામાં આવી હોય અને પોતાના લખાણોમાં તે વાપરતો હોય.

**તમારી પ્રગતિ ચકાસો**

**(1) નામના પરિવર્તનના કિસ્સામાં કયું નામ મથાળા તરીકે પસંદ કરવું જોઈએ?**

**(2) જો કોઈ પરિણીત સ્ત્રી પતિની અટક ધારણ કરે અને તે નામે કૃતિ પ્રકાશિત કરે તો સંલેખ કોના નામનો બનાવવામાં આવશે ?**

**નોંધ :-**

**(1) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**(2) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 5.3 નામોમાં પરિવર્તનનાં ઉદાહરણો (Examples of Change of Names)

નામોમાં પરિવર્તનના કિસ્સાઓમાં કઈ રીતે સૂચીકરણ કરવામાં આવે છે તે સ્પષ્ટ કરવા માટે આપણે કેટલાંક ઉદાહરણો દ્વારા સમજીશું.

આપણે સૌ પ્રથમ પરિણીત સ્ત્રીઓ કે જેમણે લગ્નબાદ પોતાની પતિની અટક ધારણ કરી નવા નામથી કૃતિનું પ્રકાશન કર્યું હોય.

### 5.3.1 પરિણીત સ્ત્રીઓ (Married Women)

અહીં એક કર્તાની બે કૃતિઓના શીર્ષક પૃષ્ઠ દર્શાવ્યા છે, જેના સૂચિકરણની ચર્ચા કરીશું.

ઉદાહરણ : 1

| |
|---|
| Knowledge, Library and<br>Information Networking<br><br>H. K. Trivedi<br><br>GDMK Publishers Distributors<br>New Delhi. |

**Other Information :**

| | |
|---|---|
| Call No. | : 020 TRI |
| Acc No. | : 42545 |
| Date Publication | : 2017 |
| Pages | : xvii, 345 |
| Size | : 26 cm. |
| ISBN | : 978-93-82735-00-7 |

ઉદાહરણ - 2

| |
|---|
| Expontial Diopthantine Equations<br><br>By<br>Hema Upadhyay<br><br>Oxford University Press<br>Oxford<br>**2020** |

**Other Information :**

Call No. : 512-74 UPA

Acc No. : 82221

Size : 24 cm.

Page : XV, 721

ISBN : 978-93-82735-01-9

અહીં એક જ કર્તા દ્વારા વિવિધ નામો હેઠળ લખાયેલાં બે પુસ્તકોનાં શીર્ષક પૃષ્ઠો આપ્યાં છે. પ્રથમ પુસ્તક H.K.Trivedi અપરિણીત નામ હેઠળ પ્રકાશિત કરવામાં આવેલ છે. જ્યારે બીજું પુસ્તક તેમણે લગ્નબાદ પતિની અટક ધારણ કરતાં Hema Upadhyayકર્તા હેઠળ પ્રકાશિત કરેલ છે.

પ્રથમ ઉદાહરણમાં કોઈ જ સમસ્યા નથી. તેના સંલેખો આ પ્રમાણે બનાવીશું.

**(મુખ્ય સંલેખ)**

**Main Entry**

| | | |
|---|---|---|
| **020**<br>TRI | Trivedi, H.K. | |
| 42545 | | Knowledge, Library and Information Networking/H.K. Trivedi- New Delhi : GDMK Publishers Distributors, 2017<br>xvii, 345p. : 236 cm.<br>ISBN 978-93-82735-00-7<br>1. Libraries - Networking I, Title |

### પૂરક સંલેખ - શીર્ષક

### (Added Entry - Subject)

| | | |
|---|---|---|
| **020** | | **LIBRARIES - NETWORKING** |
| TRI | Trivedi, H.K. | |
| | Knowledge, Library and Information Networking. | |
| | | (Rest as in the main entry) |

### પૂરક સંલેખ - શીર્ષક

### (Added Entry - Title)

| | | |
|---|---|---|
| **020** | | **Knowledge, Library and Information Networking.** |
| TRI | Trivedi, H.K. | |
| | Knowledge, Library and Information Networking./ H. K. Trivedi - New Delhi : | |
| | | (Rest as in the main entry) |

ઉપરના ઉદાહરણમાં કોઈ જ સમસ્યા નથી. આ એક સાધારણ પુસ્તક છે અને આથી અન્ય પુસ્તકોના સૂચિકરણની જેમ જ આ પુસ્તકનું સૂચિકરણ કરવામાં આવેલ છે પરંતુ આપણને તે પછીના પુસ્તકના સૂચિકરણમાં કેટલીક સમસ્યાઓનો સામનો કરવો પડી શકે તેમ છે.

અહીં H. K. Trivedi એ લગ્ન બાદ પોતાના નામમાં પરિવર્તન કર્યું છે અને પોતાના પતિની અટક Upadhyay અપનાવી લીધી છે. પરંતુ તેમણે કેટલાંક પુસ્તકો H. K. Trivedi નામથી લખવાનું ચાલુ રાખ્યું છે. હવે જો આ પુસ્તકનું સૂચિકરણ Trivedi નામથી કરવામાં આવે તો તે ભિન્ન સ્થાને સૂચિકૃત થઈ જશે. પરિણામ સ્વરૂપે એક લેખકના પુસ્તકો બે ભિન્ન સ્થાનોમાં વિખેરાઈ જશે.

આ સમસ્યાના નિવારણ માટે AACR-**2**R માં નિયમ **22**.**2**C ની જોગવાઈ કરવામાં આવી છે.

“જો કોઈ વ્યક્તિ તેણી/તેણીએ પોતાનું નામ પરિવર્તિત કર્યું હોય, તો તે વ્યક્તિનું અદ્યતન નામ અથવા નામના સ્વરૂપને પસંદ કરો, સિવાય કે એ માનવાને કારણ હોય કે પૂર્વનામથી જ વ્યક્તિ વધુ સારી રીતે ઓળખાશે.”

પ્રસ્તુત ઉદાહરણમાં H. K. Trivedi Hema Upadhyayના નામથી વધુ પ્રચલિત છે. એટલા માટે નિયમાનુસાર સંલેખ Hema Upadhyayના નામથી બનશે.

## મુખ્ય સંલેખ

## Main Entry

| | | |
|---|---|---|
| **512.74** | | |
| UPA | Upadhyay, Hema | |
| | | Expontial Diophantine Equations/ |
| | by Hema Upadhyay.- Oxford : Oxford University Press, **2020**. | |
| | | xv, 721 p.; 24 cm. |
| | | ISBN 978-93-82735 - 01-9 |
| 42545 | | 1.Diophantine analysis - I Title. |

અહીં આપણને એક પ્રશ્ન ઉદ્ભવે છે કે આપણને કેવી રીતે ખ્યાલ આવે કે વ્યક્તિએ પોતાના નામમાં પરિવર્તન કરી દીધું છે. આ બાબતને આપણે નામને પ્રસ્થાપિત કરવાના કાર્ય તરીકે ઓળખાવીશું. સંદર્ભ સ્રોતોના આધારે નામને પ્રસ્થાપિત કરવું તે સૂચિકારનું પ્રાથમિક કર્તવ્ય છે. મોટાભાગે આ બાબતની જાણ પુસ્તકમાંથી

પ્રાપ્ત થઈ જ જતી હોય છે. જો કોઈ સંજોગોમાં પુસ્તકમાંથી માહિતી ન મળે તો અન્ય સંદર્ભ સ્રોતો અથવા કર્તાઓના જીવનચરિત્રાત્મક સ્રોતોમાંથી તે મેળવી શકાય છે.

હવે, આપણે ઉપરોક્ત સંલેખના પૂરક સંલેખો **(**Added Entries**)** બનાવીશું.

**પૂરક સંલેખ - વિષય**

**(Added Entry- Subject)**

| | | |
|---|---|---|
| **512.74** | | **DIOPHANTINE ANALYSIS** |
| UPA | Upadhyay, Hema | |
| | Expontial diophantine equationsd/ by Hema Upadhyay.- oxford : oxford University | |
| | | (Rest as in the main entry) |

**પૂરક સંલેખ -શીર્ષક**

**(Added Entry- Title)**

| | | |
|---|---|---|
| **512.74** | | **Expontial Diophantine Equations.** |
| UPA | Upadhyay, Hema | |
| | Expontial diophantine equations./ by Hema Upadhyay .- oxford: | |
| | | (Rest as in the main entry) |

હવે આપણે H. K. Trivediના નામને તેમના અદ્યતન નામ Hema Upadhyay સાથે કેવી રીતે જોડીશું તે જોઈશું. આ માટે આપણે 'જુઓ' સંદર્ભ (See Reference) નો ઉપયોગ કરીશું. આ બાબતે સૂચિકાર્ડમાં કેવી રીતે દર્શાવવામાં આવે છે તે નીચે ઉદાહરણમાં દર્શાવેલ છે. આ બાબતની વધુ ચર્ચા આગળ **4-6** માં કરવામાં આવી છે.

**જુઓ-સંદર્ભ સંલેખ**

**(See Reference Entry)**

| | | |
|---|---|---|
| | Trivedi, H. K. | |
| | | <u>See</u><br>Upadhyay, Hema |

### 5.3.2 માનવાચક અને કુલીનતા સૂચક ઉપાધિઓ (Titles of Honour, Nobility)

કેટલાક લેખકો પોતાની કૃતિઓમાં પોતાના કુળ નામના વિકલ્પે પોતાની કુલીનતાસૂચક ઉપાધિનો ઉપયોગ કરે છે. આ ખાસ કરીને બ્રિટનમાં વિશેષપણે જોવા મળે છે. United Kingdom Ni Lord, Sir, Baron, Duchess,. Baroness, Lady, Viscount, Countess વગેરે ઉપાધિઓ આપવામાં આવે છે. જ્યારે વ્યક્તિઓ તેમને મળેલી આ ઉપાધિઓથી વધુ ઓળખાતા હોય તો તેમની આ ઉપાધિ સંલેખ તત્ત્વ બની જાય છે. આથી જ્યારે ઉપાધિસૂચક શબ્દનો પ્રયોગ કર્તાના નામની સાથે કરવામાં આવ્યો હોય તો સંલેખ તત્ત્વમાં તેની નોંધ કરવી જોઈએ.

Sir શબ્દને Italic (ઈટાલિક) અક્ષરોમાં દર્શાવવામાં આવે છે. જ્યારે Italic શબ્દપ્રયોગ શક્ય ન હોય ત્યાં Sir ની નીચે આડી લીટી (Sir) કરવામાં આવે છે.

આપણે એક ઉદાહરણ દ્વારા આ બાબતને સમજવાનો પ્રયાસ કરીશું.

ઉદાહરણ - 3

Sir John William

The Public Library Policy Writer

A guide book with model

Policies on CD-ROM

Edited by

Jeantte C. Larson

And

Herman L. Totten

Neal - Schuman Publishers

New York

**Other Information :**

| | | |
|---|---|---|
| Call No. | : | 025.1974 WIL |
| Acc No. | : | 65018 |
| Puiblished in | : | 2004 |
| Page | : | xxi, 278 |
| ISBN | : | 978-1-55570-603-6 |
| Size | : | 25 cm. |

**મુખ્ય સંલેખ**

**Main Entry**

| | |
|---|---|
| 025.1974<br><br>WIL | <br><br>William, Sir John |
| <br><br><br><br><br><br><br>65018 | The Public Library Policy Writer : A guide book with model policies on CD-ROM/ Sir John William; edited by Jeanette C. Larson and Herman L. Totten. - New York; Neal-Schuman Publishers, **2004**.<br><br>xxi, 278 p. ; 25 cm.<br>ISBN : 978-1-55570-603-6<br><br>1. Public Libraries - United States - Rules and Practice. 2. Library rules and regulations- United States - Handbook, manuals etc. I Larson, Jeanett C. Ed. II Totten, Herman L. Ed. III, Title. |

**પૂરક સંલેખ - વિષય**

**(Added Entry- Subject)**

| | |
|---|---|
| 025.1974<br><br>WIL | **PUBLIC LIBRARIES - UNITED STATES - RULES AND PRACTICE**<br><br>William, Sir John |
| | The Public Library Policy Writer.<br>(Rest as in the main entry) |

પૂરક સંલેખ - વિષય

**(Added Entry- Subject)**

| | | |
|---|---|---|
| **025.1974** | | **LIBRARIES RULES AND REGULATIONS - UNITED STATES - HANDBOOK, MANUALS, ETC.** |
| WIL | William, Sir John | |
| | | The Public Library Policy writer. |
| | | (Rest as in the main entry) |

પૂરક સંલેખ - સંપાદક

**(Added Entry- Editor)**

| | | |
|---|---|---|
| **025.1974** | | **Larson, Jeanett. C. Ed. .** |
| WIL | William, Sir John | |
| | | The Public Library Policy Writer. |
| | | (Rest as in the main entry) |

## પૂરક સંલેખ - સંપાદક

## (Added Entry- Editor)

| | | |
|---|---|---|
| **025-1974** | | **Totten, Herman L. Ed. .** |
| WIL | William, Sir John | |
| **65018** | | The Public Library Policy Writer.<br><br>**(**Rest as in the main Entry**)** |

## પૂરક સંલેખ - શીર્ષક

## (Added Entry- Title)

| | | |
|---|---|---|
| **025-1974**<br>WIL | | **The Public Library Policy Writer.** |
| **65018** | | The Public Library Policy Writer.<br><br>**(**Rest as in the main Entry**)** |

ઉપરોક્ત ઉદાહરણના સંલેખ તત્ત્વમાં Sir તત્ત્વનું એક નવું જ તત્ત્વ ઉમેરવામાં આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના કર્તૃત્વ અર્થાત્ કૃતિઓમાં Sir નામનો ઉપયોગ કરતી હોય ત્યારે સંલેખ તત્ત્વનાં Sir તત્ત્વનો સમાવેશ કરવામાં આવે છે.

જો કોઈ વ્યક્તિ વિશેષ ઉપાધિથી નવાજવામાં આવી હોય પરંતુ તે પોતાના સર્જનમાં અર્થાત્ કૃતિમાં જો આ ઉપાધિનો પ્રયોગ ન કરતી હોય તો ત્યાં આ 'ઉપાધિવાચક' તત્ત્વને સંલેખમાં લેવાનો નથી.

ઉદાહરણ તરીકે જો કોઈ વ્યક્તિને Sirની ઉપાધિ આપવામાં આવી હોય પરંતુ તે પોતાની કૃતિઓમાં Siનો ઉપયોગ ક્યારેય ન કરતી હોય તો આવી કૃતિઓના સંલેખમાં Sir તત્ત્વનો સમાવેશ કરવામાં આવતો નથી.

આપણે હવે પછી ઉપનામધારી કર્તાઓના સૂચિસંલેખો વિશે ચર્ચા કરીશું.

**તમારી પ્રગતિ ચકાસો**

**(3)** નીચે દર્શાવેલ પુસ્તકનું સૂચિકરણ કરો.

Public Library Development In India

Harsha C. Raval

Translated by

Usha Jani

Parshwa Publication, Ahmedabad

2019

**Other Information :**

| | | |
|---|---|---|
| Call No. | : | 025.954 CHA |
| Acc No. | : | 51225 |
| Page | : | xvi, 721 |
| Size | : | 26 cm. |
| ISBN | : | 978-81-7000-601-5 |

આ મૂળ પુસ્તક ''ભારતમાં સાર્વજનિક ગ્રંથાલયની વિકાસરેખા''નો અનુવાદ છે. લેખકનું અત્યારનું નામ Harsha Chaturvedi છે અને તે આજે પણ આજ નામથી લખે છે.

**(1)** નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.

**(2)** એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉત્તર સરખાવો.

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

..............................................................

## 5.4 ઉપનામધારી કર્તાઓ (Pseudonymous Authors)

કેટલીક વખત કર્તાઓ પોતાના મૂળ નામથી લખવાના બદલે, ઈરાદાપૂર્વક પોતાનું મૂળ નામ છુપાવી કોઈ અન્ય કાલ્પનિક નામ ધારણ કરી તે નામે લખતા હોય છે. આવા લેખકોને ઉપનામધારી કર્તાઓ કહેવામાં આવે છે. કેટલીક વખત બે અથવા વધુ કર્તાઓ ભેગા મળીને એક ઉપનામ હેઠળ લખતા હોય છે.

ઉદાહરણ તરીકે  શૂન્ય પાલનપુરી

કલાપી

વગેરે લેખકોના ઉપનામ છે અને લેખકો તેમના મૂળ નામના બદલે આ ઉપનામોથી લખતા હોય છે. રસપ્રદ બાબત એ છે કે કર્તા કેટલીક વખત પોતાના મૂળનામથી અને કાલ્પનિક નામ (ઉપનામ) બંનેથી લખતો હોય છે. સૂચિકરણમાં આના કારણે એક જ કર્તાની કૃતિઓ વેરવિખેર થઈ જાય છે. આ કૃતિઓને એક સાથે લાવવા માટે AACR-**2**Rમાં નીચે મુજબના ઉપાય સૂચવવામાં આવ્યા છે.

નિયમ **22.2B1** :જો કોઈ વ્યક્તિની બધી કૃતિઓ એક જ ઉપનામ હેઠળ પ્રગટ થઈ હોય અથવા વ્યક્તિ, સંદર્ભ સ્રોતોમાં એક જ ઉપનામથી પ્રચલિત હોય તો સંલેખ તત્ત્વ તરીકે ઉપનામ પસંદ કરો.

નિયમ **22.2B2** : જો કોઈ વ્યક્તિ અનેક ઉપનામોનો પ્રયોગ કરે છે અને પોતાના વાસ્તવિક નામ હેઠળ પણ લખે છે તેવા સંજોગોમાં સંલેખ અધિક પ્રચલિત નામ હેઠળ બનાવવો જોઈએ. જો કોઈ કિસ્સામાં પ્રચલિત નામ નક્કી ન થઈ શકે તો સંલેખ તેમની કૃતિઓની અદ્યતન આવૃત્તિઓના આધારે બનાવવો.

જો બે અથવા વધુ વ્યક્તિઓ પુસ્તકની રચનામાં સહયોગી છે અને બંને એક ઉપનામનો પ્રયોગ કરે છે તો તેમના સહયોગથી રચાતી કૃતિઓ માટે ઉપનામનો ઉપયોગ કરવો.

હવે, આપણે આ બાબતોને ઉદાહરણ દ્વારા વધુ સ્પષ્ટ કરીશું.

---

## 5.5 ઉપનામધારી કર્તાઓનાં ઉદાહરણો (Examples of Pseudonyms)

---

**ઉદાહરણ - 4**

Kalapi No Kekarav

By

Kalapi

Navjivan Prakashan,

Ahmedabad

2016

**Other Information :**

| | |
|---|---|
| Call No. | : 891.47108 KAL |
| Accession No. | : 75215 |
| Pages | : x, 225 |
| Size | : 24 cm. |

શીર્ષક પૃષ્ઠ સરળ છે. અહીં એક સરળ વ્યક્તિકર્તા છે. પરંતુ કર્તાનું નામ કાલ્પનિક છે. આ ઉપનામ છે અને કર્તાનું વાસ્તવિક નામ સૂરસિંહ છે. આમ છતાં કર્તા પોતાના ઉપનામથી વધુ પ્રચલિત છે. તેમણે કૃતિઓનું સર્જન પણ આ ઉપનામ હેઠળ કરેલું છે. આથી સંલેખમાં બધા જ સંલેખો નીચે પ્રમાણે છે :

**મુખ્ય સંલેખ (Main Entry)**

| | | |
|---|---|---|
| 891.47108<br>KAL | Kalapi | |
| 75215 | Title. | Kalapi no Kekarav / by Kalapi.- Ahmedabad : Navjivan Prakashan, 2016.<br>x, 225 ; 24 cm.<br>1. Gujarati Poetry - Collections I. |

**પૂરક સંલેખ - વિષય**

**(Added Entry - Subject)**

| | | |
|---|---|---|
| 891.47108<br>KAL | Kalapi | **GUJARATI POETRY - COLLECTIONS** |
| | | Kalapi no Kekarav / by Kalapi.<br>(Rest as in the main entry) |

## પૂરક સંલેખ - શીર્ષક

## (Added Entry - Title )

| | | |
|---|---|---|
| 891.47108<br><br>KAL | Kalapi | Kalapi No kekarav |
| | | Kalapi No Kekarav / by Kalapi -<br><br>(Rest as in the main entry) |

## જુઓ - સંદર્ભ સંલેખ

## (See - Reference Entry)

| | | |
|---|---|---|
| | Takhtsiha | |
| | | <u>See</u><br>Kalapi |

વિભાગ **5.6** માં સંદર્ભ સંલેખોનો હેતુ અને મહત્ત્વ સમજાવ્યું છે.

હવે આપણે એક અન્ય ઉપનામધારી કર્તાનું ઉદાહરણ જોઈશું. જેથી આ બાબતને વધુ સ્પષ્ટતાથી સમજી શકાય.

**ઉદાહરણ - 5**

| |
|---|
| Finding Legal Information<br><br>A guide to print and<br>Electronic cources<br><br>David Pester<br><br>Chandos Publishing<br>Oxford<br>2003 |

**Other Information** :

Call No. : 020.3 PES

Accession No. : 42211

Size : 26 cm.

Page : xi, 1205

ISBN : 1-84334-045-3

ઉદાહરણ - **6**

| |
|---|
| Digital Libraries<br><br>By<br><br>Daniel Brown<br><br>Chandos Publishing<br><br>Oxford<br><br>2004 |

**Other Information** :

Call No. : 025.00285 PES

Accession : 53261

Size : 25 cm.

Page : xii, 722 p.

ISBN : 978-1-84821-042-4

પ્રથમ દષ્ટિએ બંને શીર્ષક પૃષ્ઠો સ્વરૂપની દષ્ટિએ સામાન્ય લાગે છે. પરંતુ ઉદાહરણ નંબર **19**માં લેખકનું નામ વાસ્તવિક નથી. પરંતુ તે David Pester નું ઉપનામ છે. વાસ્તવમાં David Pester એ તેના મૂળ નામ ઉપરાંત Daniel Brown અને Fabrice Papy એમ બે ઉપનામથી પણ પુસ્તકો લખ્યાં છે.

હવે, આપણે પુસ્તકોના સૂચિકરણ દ્વારા સમસ્યાની ચર્ચા કરીશું.

ઉદાહરણ - 5

મુખ્ય સંલેખ

**(Main Entry for Example 18)**

| | | |
|---|---|---|
| 020.3<br>PES | Pester, | David |
| | print and electronic sources/ David Pester. -<br>oxford : Chandos Publishing, 2003. | Finding Legal Information : a guide to |
| | | xi, 1205 p.; 26 cm.<br>ISBN : 1- 84334 - 045-3 |
| 42211 | Title | 1.Library - Law and Legislation I. |

પૂરક સંલેખ-વિષય

**(Added Entry - Subject)**

| | | |
|---|---|---|
| **020.3**<br>PES | | **LIBRARY - LAW AND LEGISLATION**<br>Pester, David |
| | | Finding legal Information<br>(Rest as in the main entry) |

**પૂરક સંલેખ - શીર્ષક**

**(Added Entry - Title)**

| | | |
|---|---|---|
| **020.3** | | **Finding legal Information** |
| PES | | Pester, David |
| | | Finding legal Information : a guide to print and electronic sources / David Pester.- |
| | | (Rest as in the main entry |

ઉદાહરણ **5**માં શીર્ષક સરળ હોવાથી કોઈ સમસ્યા નથી. ઉદાહરણ- **6** ના કિસ્સામાં કર્તાનું નામ તેનું સાચું નામ નથી. તે David Pester નું ઉપનામ છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે સંલેખન શીર્ષક કયા નામ હેઠળ લેવું. નિયમ **22.282** દર્શાવે છે "જો વ્યક્તિ બે કે તેથી વાઙ્મયસૂચિગત ઓળખ ધરાવતી હોય, તો એક પ્રકારની કૃતિ માટે એક ઉપનામ દર્શાવવું અને અન્ય પ્રકારની કૃતિઓ માટે અન્ય ઉપનામો અથવા વ્યક્તિનું મૂળ નામ દર્શાવવું. કૃતિઓના પ્રત્યેક સમૂહ માટે જે તે કૃતિ સમૂહમાં દર્શાવ્યા મુજબના શીર્ષકની પસંદગી કરો." ફરીથી, જો કર્તા સમકાલીન હોય અને મૂળ નામની જેમ જ એક કરતા વધારે ઉપનામથી લખાણ લખ્યું હોય તો પ્રત્યેક કૃતિમાં દર્શાવ્યું હોય તે નામ લો. **(નિયમ 22.2B3)**. આમ છતાં, બંનેમાંથી એકપણ કિસ્સામાં ન આવતું હોય તો નિયમ **22.2B4** માં દર્શાવ્યા મુજબ કર્તાની છેલ્લી આવૃત્તિઓમાં દર્શાવ્યું હોય તે નામ શીર્ષક તરીકે પસંદ કરો.

### મુખ્ય સંલેખ

### (Main Entry)

| | | |
|---|---|---|
| 025.00285 | | |
| PES | Pester, | David |
| | | Digital libraries / by Daniel Brown [i.e. David |
| | Pester]. - oxford : Chandos Publishing, 2004. | |
| | | xii, 722 p. ; 25 cm. |
| | | ISBN 978-1-84821-042-4 |
| 53261 | | 1. Library - Automation I. Title |

### પૂરક સંલેખ - વિષય

### (Added Entry- Subject)

| | | |
|---|---|---|
| **025.00285** | | **LIBRARY - AUTOMATION** |
| PES | Pester, | David |
| | | Digital libraries |
| | | (Rest as in the main entry) |

પૂરક સંલેખ - શીર્ષક

**(Added Entry- Title )**

| | | |
|---|---|---|
| **025.00285** | | **Digital Libraries** |
| PES | Pester, | David |
| | | Digital libraries |
| | | (Rest as in the main entry) |

જુઓ - સંદર્ભ સંલેખ

**(See - Reference Entry)**

| | | |
|---|---|---|
| | Brown, | Daniel |
| | | See |
| | | Pester, David |

તમને આશ્ચર્ય થશે કે કર્તાનું ઉપનામ અને વાસ્તવિક નામ કેવી રીતે જાણી શકાય. પરંતુ ઉપનામ અને હુલામણા નામો વિશેના અનેક કોશો અને હસ્તપુસ્તિકાઓ **(**Handbooks**)** ઉપલબ્ધ છે. તેના દ્વારા આપણે આ પ્રશ્નોનું સમાધાન મેળવી શકીએ છીએ.

**તમારી પ્રગતિ ચકાસો**

**(4)** નીચે દર્શાવેલ શીર્ષકનું સૂચિકરણ કરો.

Encyclopaedia of Library Automation

Systems and Networks

By

S.K. Pandey

Anmol Publications

New Delhi.

**Other Information :**

Call No. : 021.65030 PAN

Acc No. : 76092

Size : 26 cm.

Page : 881

First Edition Published in 2014

ISBN : 81-261-0348-5

S.K. Pandeyનું વાસ્તવિક નામ Shraddha Sharma છે.

## 5.6 સૂચિકરણમાં સંદર્ભો (Reference in Cataloguing)

આપણે અહીં સંદર્ભ સંલેખો (Reference Entries)ની જરૂરિયાત અને કાર્યોથી અવગત થઈશું. સંદર્ભ સંલેખો વ્યક્તિને સૂચિમાં એક શીર્ષકથી અથવા એક સંલેખથી અન્ય શીર્ષક અથવા સંલેખ તરફ નિર્દેશ કરે છે. સંદર્ભ સંલેખો ત્રણ પ્રકારની જરૂરિયાતોને સંતોષે છે :

**(1)** ઉપભોક્તાને એક ચોક્કસ નામ હેઠળ જોવા નિર્દેશ કરે છે.

**(2)** ઉપભોક્તાને તે જણાવે છે કે જે શીર્ષક હેઠળ તે પ્રલેખ શોધી રહ્યો છે તેની હેઠળ કોઈ સંલેખો નથી, પરંતુ તેને અન્ય સંલેખ અથવા સંલેખો તરફ નિર્દેશિત કરવામાં આવે છે કે જેની હેઠળ જરૂરી માહિતી શોધી શકાશે.

**(3)** ઉપભોક્તાને એ પણ જણાવે છે કે તે જે કર્તા દ્વારા અથવા વિષય ઉપર લખાયેલાં પુસ્તકો શોધી રહ્યો છે તેના કેટલાક અન્ય સંલેખો પણ છે.

આવા સંલેખો બે પ્રકારના હોય છે : (i) 'જુઓ' (ii) 'વળી જુઓ'

### 5.6.1 'જુઓ' - સંદર્ભો (See-References)

'જુઓ' સંદર્ભો (See References) સૂચિના ઉપભોક્તાને સૂચિકાર દ્વારા સંલેખ બનાવતી વખતે પસંદ કરવામાં આવેલા કર્તા / વિષય / શીર્ષક નામના અન્ય રૂપો તરફ નિર્દેશિત કરે છે. અર્થાત્ 'જુઓ' સંદર્ભ જણાવે છે કે 'આપ જેને શોધી રહ્યા છો તેને આપ અહીં નહીં મેળવી શકો, પરંતુ જો આપ..... ના હેઠળ જોશો તો આપને અવશ્ય કંઈક માહિતી મળશે." આ બાબતને કેટલાંક ઉદાહરણો દ્વારા વધુ સ્પષ્ટતાથી સમજવાનો પ્રયાસ કરીશું.

(i) Rae Earnshaw
<u>See</u>
John Vince

(ii) Petra, Duren
<u>See</u>
John J. Burke.

(iii) Sobha Srivastava
<u>See</u>
Shyama Chakravorty

(iv) Durga Shastri
<u>See</u>
Daksha Jani

અર્થાત્ પ્રથમ બે ઉદાહરણો ઉપનામધારી કર્તાઓના છે. જ્યારે ઉદાહરણ (iii) અને (iv) પરિણીત સ્ત્રીઓના છે. જેમણે લગ્નબાદ પતિની અટક ધારણ કરી તે નામ હેઠળ કૃતિ પ્રકાશિત કરી છે. આવા કિસ્સાઓમાં આપણને 'જુઓ' સંદર્ભોની જરૂરિયાત રહે છે.

આ ઉપરાંત રાજવંશી નામોનાં વિભિન્ન રૂપો, અટકની સાથે ઉપસર્ગો, મિશ્ર તથા સમસંયોજક ચિહ્નવાળાં નામો વગેરેમાં 'જુઓ' સંદર્ભોનો ઉપયોગ કરવામાં આવે છે. સંસ્થાકર્તા તથા ભૌગોલિક નામોમાં પણ પરિવર્તન થતા રહે છે. આવા સંજોગોમાં 'જુઓ' સંદર્ભો ઉપયોગી નીવડે છે. કવચિત દેશો, શહેરો પણ પોતાનાં નામો બદલે છે, અને સામાન્યતઃ તેમનાં અદ્યતન નામો હેઠળ નોંધવાની પ્રથા પ્રચલિત છે. ઉદાહરણ

Bombay

See

Mumbai

Madras

See

Chennai

### 5.6.2 'વળી જુઓ' સંદર્ભો (See also References) :

"વળી જુઓ" (See also) સંદર્ભો સૂચિના ઉપભોક્તાને નિર્દેશ કરે છે કે "હા અહીં કેટલીક માહિતી ઉપલબ્ધ છે અને જો તમે આ સંબંધિત માહિતીમાં રસ ધરાવતા હશો તો તમે... હેઠળ શોધી શકો છો." ત્યાં પણ આપના રસના વિષયની માહિતી ઉપલબ્ધ છે. જો કે વિષય મથાળાઓનાં 'વળી જુઓ' (See also) સંદર્ભો ખૂબ જ સામાન્ય છે. આ માત્ર મુખ્યત્વે વ્યક્તિઓના નામો પૂરતા જ મર્યાદિત હોય છે.

જ્યારે કોઈ કર્તા બે ઉપનામો ધરાવતો હોય અને બંને ઉપનામો હેઠળ કૃતિ પ્રકાશિત કરતો હોય ત્યારે ઉપભોક્તાને અન્ય મથાળા તરફ નિર્દેશ કરવા માટે 'વળી જુઓ' (See also) સંદર્ભો પ્રયોજવામાં આવે છે. પ્રત્યેક શીર્ષક માટે 'વળી જુઓ' સંદર્ભો બનાવવામાં આવે છે. ઉદાહરણ તરીકે

Kalpana Srivastava

See also

Kavita Shastri

Kavita Shastri

See also

Kalpana Srivastava

ઉપરના કિસ્સામાં બે ઉપનામોને પરસ્પર જોડવા માટે 'વળી જુઓ' (See also) સંદર્ભો દ્વારા સૂચિ સંલેખો તૈયાર કરવામાં આવ્યા છે.

સરકારના ઘણા વિભાગોમાં પણ નામમાં ફેરફાર થતા રહેતા હોય છે. જેને પરસ્પર સાંકળવા માટે See also ('વળી જુઓ') સંદર્ભો ઉપયોગમાં લેવાય છે.

India. Ministry of Education and Youth Welfare.

See also.

India, Ministry of Human Resource Development.

India. Ministry of Human Resource Development

See also

India. Ministry of Education and Youth Welfare

ઘણી સંસ્થાઓના નામોમાં પરિવર્તન આવતાં હોય છે ત્યારે પણ "વળી જુઓ" (See also) સંદર્ભો વપરાય છે.

North Gujarat University

See also

Hemchandracharya North Gujarat University.

Hemchandracharya North Gujarat University

See also

North Gujarat University.

## 5.7 સારાંશ (Summary)

આ એકમમાં આપણે કર્તાઓ કોઈ કારણસર પોતાનાં નામોમાં પરિવર્તન કરે છે ત્યારે સૂચિકરણમાં ઉદ્‌ભવતી સમસ્યાઓના નિવારણની ચર્ચા કરી. ખાસ કરીને-

(i) કર્તાઓ જ્યારે વાસ્તવિક નામના બદલે ઉપનામ ધારણ કરી કૃતિ પ્રકાશિત કરતા હોય છે.

(ii) પરિણીત સ્ત્રીઓ લગ્ન બાદ પતિની અટક ધારણ કરી તે નવા નામ હેઠળ કૃતિ પ્રકાશિત કરતી હોય છે - આ બે કિસ્સાઓમાં સૂચિકરણમાં ઉદ્‌ભવતા પ્રશ્નોનું સમાધાન મેળવ્યું.

આ એકમમાં આ ઉપરાંત કર્તાઓના ભિન્ન ભિન્ન નામોને એકબીજા સાથે સાંકળવા માટે 'જુઓ' (See) અને "વળી જુઓ" (See also) સંદર્ભોની જરૂરિયાત વિશે ચર્ચા કરવામાં આવી. જેથી ઉપભોક્તા પોતાની ઈચ્છિત કૃતિ વિશે પર્યાપ્ત માહિતી પ્રાપ્ત કરી શકે.

## 5.8 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (Answers to Self Check Exercise)

(1) કર્તાઓના નામ પરિવર્તનના કિસ્સામાં સૌથી વધુ પ્રયોજેલા નામને શીર્ષક તરીકે પસંદ કરવું જોઈએ. આ નામને પ્રમુખ નામ (Predominant Name) પણ કહેવામાં આવે છે જ્યારે કર્તા એકથી વધુ નામોથી ઓળખાય છે ત્યારે નીચે મુજબની પ્રક્રિયા અપનાવવી જોઈએ.

(i) એ નામ કે જે વ્યક્તિની કૃતિઓમાં વારંવાર પ્રયોજવામાં આવતું હોય;

(ii) એ નામ કે જે સંદર્ભ સ્રોતોમાં વારંવાર પ્રયોજવામાં આવતું હોય

(iii) અદ્યતન નામ

(2) જો પરિણીત સ્ત્રી પતિના નામની અટક ધારણ કરે તો અને તે નામે કૃતિ પ્રકાશિત કરે તો પરિણીત નામ હેઠળ સંલેખ બનાવવામાં આવશે.

અને અપરિણીત નામ હેઠળ રચાયેલી કૃતિઓના ઉપયોગ માટે See 'જુઓ' સંદર્ભ આપવામાં આવશે.

(3) સંબંધિત સંલેખો નીચે મુજબ છે :

**મુખ્ય સંલેખ (Main Entry)**

| | |
|---|---|
| **025.954** | |
| CHA | Chaturvedi, Harsha |
| | Public Library Development in India/ Harsha C.Raval [i.e. Harsha Chaturvedi] ; translated by Usha Jani. - Ahmedabad : Pashva Publication, 2019. |
| | xvi, 721 p. |
| | Translation of the original work Bharatrma Sarvajanik granthalay ni ruprekha. |
| | ISBN 978-81-7000- 601-5. |
| 51225 | |
| | 1.Public Library - India I. Jani, Usha tr. II Title. |

**પૂરક સંલેખ - વિષય**

**(Added Entry - Subject)**

| | |
|---|---|
| **025.954** | **PUBLIC LIBRARY - INDIA** |
| CHA | Chaturvedi, Harsha |
| | Public Library Development in India. |
| | (Rest as in the main entry) |

### પૂરક સંલેખ - અનુવાદક

### (Added Entry - Translator)

| | | |
|---|---|---|
| **025.954** | | **Jani, Usha tr.** |
| CHA | Chaturvedi, Harsha | |
| | | Public Library Development in India. |
| | | (Rest as in the main entry) |

### 'જુઓ' સંદર્ભ સંલેખ

### (See - Reference Entry)

| | | |
|---|---|---|
| | Raval, Harsha | |
| | | **<u>See</u>** |
| | | Chaturvedi, Harsha |

**(4) સંલેખો નીચે પ્રમાણે બનશે :**

**Main Entry**

**(મુખ્ય સંલેખ)**

| | | |
|---|---|---|
| **021.6503** | | |
| PAN | Pandey, S.K. | |
| | | Encyclopaedia of library automation system and Networks. S.K. Pandey. - New Delhi: Anmol; Publication, 2014. |
| | | 881 p.; 26 cm. |
| | | S.K. Pandey is the pseudonyum of Shraddha Sharma. ISBN 81-261-0348-5 |
| 76092 | | 1.Library Automation - Encyclopadies I. Title |

**પૂરક સંલેખ - વિષય**

**(Added Entry - Subject)**

| | | |
|---|---|---|
| **021.6503** | | **LIBRARY-AUTOMATION-ENCYCLOPADIES** |
| PAN | Pandey, S.K. | |
| | | Encyclopaedia of library automation system and Networks. |
| | | (Rest as in the main entry) |

**પૂરક સંલેખ - શીર્ષક**

**(Added Entry - Title)**

| | | |
|---|---|---|
| **021.6503** | | **Encyclopaedia of library automation system and Networks** |
| PAN | Pandey, S.K. | |
| | | Encyclopaedia of library automation system and Networks |
| | | (Rest as in the main entry) |

**'જુઓ' સંદર્ભ સંલેખ**

**(See - Reference Entry)**

| | | |
|---|---|---|
| | Sharma, Shraddha | |
| | | See<br>Pandey, S.K. |

## 5.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

**ઉપનામ (Pseudonym)** : કોઈ કર્તા દ્વારા પોતાના વાસ્તવિક નામને છુપાવવા માટે અપનાવેલ કાલ્પનિક નામ.

**ટૂંકાક્ષર (Acronym)** : શબ્દસમૂહના પ્રારંભિક અક્ષરોથી નિર્મિત એક શબ્દ. ઉદાહરણ તરીકે 'Wac' એ Woman's Army Cropsના પ્રત્યેક શબ્દના પ્રથમ અક્ષરોથી બનેલ છે.

**સંદર્ભ (Reference)** : સૂચિમાં એક શીર્ષકથી અથવા સંલેખથી બીજા શીર્ષક અથવા સંલેખ તરફ સંદર્ભ બતાવવા માટેનો નિર્દેશ.

## 5.10 સંદર્ભો અને વિશેષ વાંચન (References and Further Reading)


-- Anglo American Cataloguing Rules **(1988) 2**nd. Rev. ed. Ottawa: Canadian Library Association, Chapter **22** and **26**.

-- The Concise AACR-**2** **(2004)**. **4**th Ed. Chicago : American Library Association; Ottawa : Canadian Library Association; London : Chartered Institute of Library and Information Professionals.

-- Manual of Library Cataloguing **(1995)**. Ed. By Inder Mohan Goswami - New Delhi : Commonwealth Publishers.


★ ★ ★